NILA
SPACES
LIMITED

*NSL/CS/2020/44*
Date: August 25, 2020

To,
The Department of Corporate Services
**BSE Limited**
Phiroze Jeejeebhoy Towers
Dalal Street,
Mumbai - 400 001

**Scrip Code: 542231**

To,
The Listing Department
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, C/1, Block G,
Bandra-Kurla Complex, Bandra (E),
Mumbai - 400 051

**Scrip Symbol: NILASPACES**

**Dear Sir,**

**Reg: Submission of Newspaper Advertisement published for Notice of Annual General Meeting to be held through Video Conferencing ("VC")/ Other Audio Visual Means ("OAVM") facility on Friday, September 25, 2020**

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we are hereby submitting copy of newspaper advertisement published in terms of Ministry of Corporate Affairs Circular No. 20/2020 dated May 05, 2020 in the Business Standard-English and Loksatta Jansatta - Gujarati edition regarding Annual General Meeting to be held through Video Conferencing ("VC")/Other Audio Visual Means ("OAVM") facility on Friday, September 25, 2020.

Kindly take the same on your record and acknowledge the receipt.

Thanking you,
Yours faithfully,
**For, Nila Spaces Limited**

**Gopi Dave**
**Company Secretary**
**Membership No.: A46865**

*Encl: a/a*

Address : 1st Floor, Sambhaav House, Opp. Chief Justice's Bungalow, Bodakdev, Ahmedabad-380015.
P : +91 79 4003 6817 / 18, 2687 0258 I E : info@nilaspaces.com I W : www.nilaspaces.com I CIN: L45100GJ2000PLC083204

## Nahar SPINNING MILLS LIMITED

CIN: L17115PB1980PLC004341
Regd. Office: 373, Industrial Area-A, Ludhiana-141003
Phone No.: 0161-2600701-705
E-mail: secnsm@owmnahar.com, Website: www.owmnahar.com

**IMPORTANT NOTICE FOR PROVIDING EMAIL ID AND BANK PARTICULARS**

Notice is hereby given to the Shareholders that pursuant to the General Circular No. 20/2020 dated May 5, 2020 issued by the Ministry of Corporate Affairs (MCA), the Notice of the AGM alongwith Annual Report for the year ended March 31, 2020 shall be sent electronically only to those shareholders whose email addresses are registered with the Company /Depository.

Accordingly, shareholders are requested to register their email id either with their Depository Participant (in case of Demetholding) or with the Company at e-mail: gredressalnsml@owmnahar.com (in case of Physical holding). This will enable the Company to send the Annual Report for the financial year 2019-20 electronically. Further, Shareholders holding shares in physical form are requested to dematerialize their holdings. The Shareholder who have not updated their bank account details are requested to update the same with the Depository Participant (DP) / Company or RTA as the case may be so that dividends can be remitted through Electronic Clearing System (ECS).

**For Nahar Spinning Mills Limited**
**Sd/-**
**Brij Sharma**
**Company Secretary**

**Place: Ludhiana**
**Dated : 24.08.2020**



## NILA SPACES LIMITED

(CIN : L45100GJ2000PLC083204)
**Registered Office:** 1st Floor, Sambhaav House, Opp. Chief Justice's Bunglow, Bodakdev, Ahmedabad - 380 015.
**Phone:** +91 79 4003 6817/18 **Fax:** +91 7930126371
**E-mail:** secretarial@nilaspaces.com **Website:** www.nilaspaces.com

**NOTICE OF 20TH ANNUAL GENERAL MEETING TO THE SHAREHOLDERS**

NOTICE IS HEREBY GIVEN THAT THE 20TH ANNUAL GENERAL MEETING ("THE AGM") OF THE COMPANY WILL BE HELD ON FRIDAY, SEPTEMBER 25, 2020 AT 04.00 P.M. THROUGH VIDEO CONFERENCING ("VC")/ OTHER AUDIO-VISUAL MEANS ("OAVM") TO TRANSACT THE BUSINESSES AS MAY BE SET OUT IN THE NOTICE OF THE AGM.

In view of the continuing outbreak of the COVID-19 pandemic, the Government of India, Ministry of Corporate Affairs ("MCA"), vide its Circular No. 14/2020 dated April 08, 2020, Circular No.17/2020 dated April 13, 2020 followed by Circular No. 20/2020 dated May 05, 2020 and also Securities Exchange board of India ("SEBI"), vide it's Circular No. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 dated May 12, 2020 ("Circulars"), have permitted the holding of AGM through VC/OAVM, without the physical attendance of the Members at a common venue. In compliance with these Circulars and the relevant provisions of the Companies Act, 2013 and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015, the AGM of the Members of the Company will be held through VC or OAVM.

In accordance with the aforesaid Circulars, Notice of the AGM along with the Annual Report 2019-20 is being sent only by electronic mode to those Members whose e-mail addresses are registered with the Company/ Depositories holding shares as on the cut-off date for the dispatch in accordance with the applicable laws. Members may note that the Notice of the AGM and Annual Report 2019-20 will also be available on the Company's website- www.nilaspaces.com, website of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited, at www.bseindia.com and www.nseindia.com respectively and the AGM Notice is also available on the website of National Securities Depository Limited ("NSDL") (agency for providing the Remote e-Voting facility) i.e. www.evoting.nsdl.com. Members can attend and participate in the AGM through the VC/OAVM facility only. The instructions for joining the AGM are provided in the Notice of the AGM. Members attending the meeting through VC/ OAVM shall be counted for the purpose of reckoning the quorum as per Section 103 of the Companies Act, 2013.

The Company is providing remote e-voting facility ("remote e-voting") to all its members to cast their votes on all resolutions as set out in the Notice of the AGM. Additionally, the Company is providing the facility of voting through e-voting system during the AGM ("e-voting"). The detailed procedure for remote e-voting/ e-voting are provided in the Notice of the AGM.

In case Member(s) have not registered their e-mail addresses with the Company/ Depository, please follow the below instructions to register e-mail address for obtaining Annual Report and login details for e-voting.

a. **For members holding shares in Physical mode:** please provide necessary details like Folio No./ DP/ Client ID, Certificate No., PAN, Mobile No., Email-Id along with the self-attested copy of PAN/ Aadhar/ Valid Passport/ Share Certificate, etc. by e-mail to secretarial@nilaspaces.com
b. **Members holding shares in Demat Mode:** can get their E-mail ID registered by contacting their respective Depository Participant or by e-mail to secretarial@nilaspaces.com

For, **Nila Spaces Limited**
By Order of Board of Directors
Gopi Dave-Company Secretary

Date: August 24, 2020
Place: Ahmedabad



## Capital Small Finance Bank

**CAPITAL SMALL FINANCE BANK LIMITED**
**CIN:U65110PB1999PLC022634**
**Regd. Office: Midas Corporate Park, 3rd Floor, 37, G.T Road, Jalandhar -144001, Punjab INDIA**
**Ph.: +91 181 -5051111, 5052222; Fax: +91 181 5053333**
**E-mail: cs@capitalbank.co.in www.capitalbank.co.in**

### NOTICE OF ANNUAL GENERAL MEETING

Notice is hereby given that the 21st Annual General Meeting (AGM) of the Bank is scheduled to be held on Friday, September 18, 2020 at 2:30 P.M. through video conference (VC)/ Other Audio Visual Means (OAVM) pursuant to the General Circular numbers 20/2020, 14/2020, 17/2020 and all other applicable laws and circulars issued by the Ministry of Corporate Affairs (MCA), Government of India (collectively referred as "circulars") to transact the ordinary business and unavoidable special business set forth in the Notice of the AGM dated August 24, 2020.

The Bank has appointed Ms. Harshita Aggarwal (M No.: ACS 55717), Practicing Company Secretary and in her absence Ms. Sagrika Jayee (M No. ACS 61678), Company Secretary, as the Scrutinizer for conducting the e-voting process in accordance with the law and in a fair and transparent manner.

In compliance with the above said circulars, AGM Notice along with the Annual Report for the Financial year 2019-20, have been sent via email to those Shareholders who have registered their email IDs with Bank/ Depository Participant/Registrar on or before Friday, August 21, 2020.

AGM Notice is also available at Bank's website at www.capitalbank.co.in and on the website of CDSL www.evotingindia.com.

Further, Shareholders holding shares in dematerialized mode, are requested to register their email addresses and mobile numbers with their relevant depositories through their depositary participants. However, for temporary registration for the purpose of obtaining this notice, shareholders may register their email IDs with the Bank.

Shareholders holding shares in physical mode are requested to register their email IDs with the Bank and for registering please write to Mr. Amit Sharma at his email ID cs@capitalbank.co.in or amit1.sharma@capitalbank.co.in by quoting your Folio No./DP/Client ID, Certificate No., PAN, Mobile No., Email-Id along with a self-attested copy of your PAN Card / Aadhar / Valid Passport and Share Certificate etc.

The Bank is also providing facility to the shareholders to cast their vote remotely on the business as set forth in the Notice of the AGM through electronic voting system. The manner of e-voting is defined as below:

1. A person, whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date i.e. Friday, September 11, 2020, only shall be entitled to avail the facility of remote e-Voting.
2. The e-voting period commences on September 15, 2020 (9:00 a.m. IST) and ends on September 17, 2020 (5:00 p.m. IST). The e-voting module shall be disabled by CDSL for voting thereafter. Once the vote on a resolution is cast by the Member, he/she shall not be allowed to change it subsequently or cast the vote again.
3. Any person, who acquires shares of the Bank and becomes a Member of the Bank after dispatch of the Notice and holding shares as of the cut-off date, may obtain the login ID and password by sending a request at helpdesk.evoting@cdslindia.com However, if he/she is already registered with CDSL for remote e-voting then he/she can use his/her existing User ID and password for casting the vote.
4. The procedure for e-Voting on the day of the AGM is same as the instructions mentioned for Remote e-voting in the notice.
5. Only those shareholders, who are present in the AGM through VC/OAVM facility and have not casted their vote on the Resolutions through remote e-Voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through e-Voting system available during the AGM.
6. Shareholders who have voted through Remote e-Voting will be eligible to attend the AGM. However, they will not be eligible to vote at the AGM.

For detailed instructions relating to attending the meeting through VC or OVAM, please refer to the Notice.

In case of any queries /grievances connected with remote e-voting, please refer to the Frequently Asked Questions (FAQs) and the e-voting User Manual for members available at download section of https://www.evotingindia.com / userdocs / FAQs.pd for contact Mr. Rakesh Dalvi, Address: Unit No. A-2501, Marathon Futurex, Mafatlal Mills Compound, N.M. Joshi Marg, Lower Parel (E) Mumbai City MH 400013 IN e-mail id: helpdesk.evoting@cdslindia.comor Central Depository Services (India) limited (CDSL) toll free no.: 180-0225533.

**For Capital Small Finance Bank Limited**
Sd/-
Amit Sharma (A38217)
Company Secretary

Place: Jalandhar
Date: 24-08-2020



સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ़ इंडिया
Central Bank of India
"CENTRAL" TO YOU SINCE 1911

**BRANCH : JORAVARNAGAR**

### POSSESSION NOTICE

(For Immovable Property) [See Rule 8 (1)]

Whereas, The undersigned being the Authorized Officer of the **Central Bank of India, Joravarnagar Branch** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (54 of 2002) and in exercise of powers conferred under section 13(12), 13(2) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated **18/02/2020,** calling upon the borrower **M/s Shanta Soap Industries (Through its Proprietor) Mr. Hardik Jitendrabhai Vora and Guarantors - Mrs. Nitaben Jitendrabhai Vora and Mrs. Reenaben Jitendrabhai Vora** to repay the amount mentioned in the notice being **Rs. 31,71,246/- (In Words Rs. Thirty One Lakh Seventy One Thousand Two Hundred Forty Six only)** within 60 days from the date of receipt of the said notice.

The borrower having failed to repay the amount, notice is hereby given to the borrowers/guarantors and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under sub-section (4) of section 13 of Act read with rule 8 of the Security Enforcement Rules, 2002 on this **18th day of August of the year 2020.**

The borrowers/guarantors in particular and the public in general is hereby cautioned not to be deal with the property and any dealings with the property will be subject to the charge of the **Central Bank of India, Joravarnagar Branch** for an amount **Rs. 31,71,246/- and interest thereon.** (Amount deposited after issuing of Demand Notice U/Section 13(2) has given effect)

The borrower's attention is invited to provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

**DESCRIPTION OF THE IMMOVABLE PROPERTIES**

**1. Equitable Mortgage of Property** in the name of **Mrs. Nitaben Jitendrabhai Vora, Mr. Hardik Jitendrabhai Vora And Miss. Reenaben Jitendrabhai Vora,** Joravarnagar City Survey No. 2872 Paiki Shop (Southern Side), Admeasuring 15.95 Sq. Meters, Located At Jain Derasar Area, Mahatma Gandhi Road, Joravarnagar City Survey No. 2872 Paiki, Within Surendranagar - Dudhrej Municipal Limit, Dist. : Surendranagar, Gujarat.

**Bounded By :**
**East :** 2.69 Meters & Shop Belonging to Kansara Chhotalal Jivabhai
**West :** 2.69 Meters and Wide Road
**North :** 5.93 Meters & 20 Feet Wide Road
**South :** 5.93 Meters And Shop Belonging To M. P. Vora

**2. Equitable Mortgage of Property** in the name of **Mrs. Nitaben Jitendrabhai Vora And Mr. Hardik Jitendrabhai Vora**, Joravarnagar City Survey No. 4205 Paiki, Residential House Admeasuring 95.06 Sq. Meters, Located At Jain Derasar Area, Mahatma Gandhi Road, Within Surendranagar - Dudhrej Municipal Limit, Dist. : Surendranagar, Gujarat.

**Bounded By :**
**East :** 30 Feet and Property Belonging to M P Vora
**West :** 30.09 Feet and Property in Share of M P Vora
**North :** 29.1 Feet and Property Belonging to Bipinbhai
**South :** 29.01 Feet and Property Belonging to Mistry Bhudarbhai Mohanbhai

**Date : 18/08/2020**
**Place : Joravarnagar**

**Sd/- Authorised Officer,**
**Central Bank Of India**



Manaksia Limited

Regd. Office: Turner Morrison Building, 6 Lyons Range, Mezzanine Floor, North-West Corner, Kolkata-700 001
Corporate Identity Number: L74950WB1984PLC038336
Phone No.: +91-33-22310055; Fax No.: +91-33-22300336
Email: investor.relations@manaksia.com
Website: www.manaksia.com

### NOTICE TO SHAREHOLDERS

**(For Transfer of Equity Shares to the Investor Education and Protection Fund)**

This notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, *inter alia*, contain provisions for transfer of shares in respect of which dividend has not been paid or claimed by the shareholders for seven consecutive years or more to Investor Education and Protection Fund ("IEPF") established by Central Government.

Individual notice is being sent to the shareholders whose shares are liable to be transferred to IEPF during the FY 2020-21 at the earliest possible under the current situation. Accordingly, the concerned shareholders are requested to lodge their claim for the said dividend on or before 17th September, 2020, failing which the shares shall be transferred to the IEPF on an appropriate date.

The Company has uploaded full details of such shareholders and shares due for transfer to IEPF Authority on its website at www.manaksia.com. Shareholders are requested to refer to the web-link http://www.manaksia.com/unclaimed_divided_manaksia.php to verify the details of unclaimed dividends and the shares liable to be transferred to IEPF Authority.

The concerned shareholders, holding shares in physical form and whose shares are liable to be transferred to IEPF, if any, may note that the Company would be issuing new share certificate(s) in lieu of original share certificates held by them for the purpose of dematerialization and transfer of shares to IEPF as per the Rules and upon such issue, the original share certificates will stand automatically cancelled and be deemed non- negotiable. The shareholders may further note that the details uploaded by the Company on its website shall be deemed to be adequate notice in respect of issue on new share certificate by the Company for the purpose of transfer of shares to IEPF Authority pursuant to the Rules.

Shareholders may note that both the unclaimed dividends and the shares transferred to IEPF Authority including all benefits accruing on such shares, if any, can be claimed back by them after following the procedure prescribed under the said Rules.

For further information/request to claim the unpaid/unclaimed dividend(s), the concerned shareholders may contact the RTA of the Company at Link Intime India Pvt. Ltd. at Room No. 502 & 503, 5th Floor, Vaishno Chambers, 6 Brabourne Road, Kolkata-700 001 Tel: 033-4004 9728, Fax: 033-4073 1698.

For **Manaksia Limited**
Sd/-
**Pradip Kumar Kandar**
(Company Secretary)

Place : Kolkata
Date : 24th August, 2020




# 6 EMI Waiver

For Ready to Move Home*

Rate of Interest **6.90%** Onwards

*T&C Apply

## 2020 HOME LOAN OFFER




- **Griha Varishtha exclusive home loan scheme for salaried and pensioners till 80 Years of Age**
- **Upto Rs. 2.67 lakh interest subsidy for borrower eligible under PMAY-CLSS**

LIC HFL
LIC HOUSING FINANCE LTD

CIN: L65922MH1989PLC052257
Registered Office: Bombay Life Building, 2nd Floor, 45/47, Veer Nariman Road, Mumbai-400001,
Tel: +91-22-22049919, 22049799,
Fax: +91-22-22049682
Corporate Office: 131 Maker Tower, "F" Premises, 13th Floor, Cuffe Parade, Mumbai-400005,
Tel: +91-22-22178600, Fax: +91-22-22178777
Email: lichousing@lichousing.com

**STANDALONE FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2020**

(₹ in Crore)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended June 30, 2020 | Quarter ended June 30, 2019 | Year ended March 31, 2020 |
| | | Reviewed | Reviewed | Audited |
| 1 | Total Income from Operations | 4,977.49 | 4,807.21 | 19,669.76 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 1,017.67 | 840.89 | 3,268.99 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 1,017.67 | 840.89 | 3,268.99 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 817.48 | 610.68 | 2,401.84 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 816.43 | 608.40 | 2,394.99 |
| 6 | Paid up Equity Share Capital | 100.93 | 100.93 | 100.93 |
| 7 | Earning Per Share (of ₹ 2/- each) * (for continuing and discontinued operations) Basic & Diluted * (The EPS for quarter is not annualised) | 16.20 | 12.10 | 47.59 |

**Notes**

1 The figures for the previous periods have been regrouped / reclassified / restated wherever necessary in order to make them comparable with figures for the current period ended June 30, 2020.

2 The above is an extract of the detailed format of Quarterly / Annual Standalone Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of the Quarterly / Annual Standalone Financial Results are available on the Stock Exchanges - National Stock Exchange (NSE), Bombay Stock Exchange (BSE) websites www.nseindia.com, www.bseindia.com and Company's website www.lichousing.com.

**CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2020**

(₹ in Crore)

| Sr. No. | Particulars | Consolidated Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended June 30, 2020 | Quarter ended June 30, 2019 | Year ended March 31, 2020 |
| | | Unaudited | Unaudited | Audited |
| 1 | Total Income from Operations | 4,986.01 | 4,816.52 | 19,706.88 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 1,021.77 | 844.59 | 3,282.18 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 1,021.77 | 844.59 | 3,282.18 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 824.08 | 609.13 | 2,403.66 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 822.44 | 606.65 | 2,396.63 |
| 6 | Paid up Equity Share Capital | 100.93 | 100.93 | 100.93 |
| 7 | Earning Per Share (of ₹ 2/- each) (for continuing and discontinued operations) Basic & Diluted | 16.33 | 12.02 | 47.63 |

**Notes**

1 The figures for the previous periods have been regrouped / reclassified / restated wherever necessary in order to make them comparable with figures for the current period ended June 30, 2020.

2 The above is an extract of the detailed format of Quarterly/Annual Consolidated Financial Results filed with the Stock Exchanges under Regulation 33 and Regulation 52 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended. The full format of the Annual Standalone and Consolidated Financial Results are available on the Stock Exchanges - National Stock Exchange (NSE), Bombay Stock Exchange(BSE) websites www.nseindia.com, www.bseindia.com and Company's website www.lichousing.com.

For and on behalf of the Board
Sd/-
Siddhartha Mohanty
Managing Director & CEO

Place : Mumbai
Date : August 24, 2020

**Apply online at lichousing.com**

### શહેરના ૩૮ કેન્દ્રો પર ૭૬૦૦ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા યોજાઈ : પરીક્ષા કેન્દ્રો ખાતે પ્રવેશ પૂર્વે વિદ્યાર્થીઓનું થર્મલ ગનથી ટેમ્પરેચર ચેક કરાયું

# કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે ગુજકેટની પરીક્ષા સંપન્ન

### કોરોના અને કેન્સરથી પીડિત બે વિદ્યાર્થીઓ માટે શહેરની બે શાળાઓમાં અલગ રૂમની વ્યવસ્થા કરાઈ : શાળા દ્વારા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાયું





શ્રેયસ સ્કૂલ, માંજલપુર



વડોદરા, તા. ૨૪

કોવિડ-૧૯ની ગાઈડલાઈનના ચુસ્ત અમલ વચ્ચે આજે શહેરના કુલ ૩૮ કેન્દ્રો ખાતે ૭૬૦૦ વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષાઓ યોજાઈ હતી. આ પરીક્ષામાં એક કોરાના સંક્રમિત વિદ્યાર્થી અને એક કેન્સર પીડિત વિદ્યાર્થિનીને પરીક્ષા આપવાની હોવાથી આ ૨ વિદ્યાર્થીઓ માટે વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શહેરની ૨ સ્કૂલમાં અલગ રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોરોના મહામારી બાદ આજે સૌપ્રથમ વખત વિદ્યાર્થીઓની વર્ગખંડમાં પરીક્ષા લેવાઈ હતી. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપ્યા બાદ એન્જીનીયરીંગ સહીતના ડિગ્રી કોર્સમાં એડમિશન મેળવવા માટે લેવામાં આવતી ગુજકેટની પરીક્ષા આજે શહેરના કુલ ૩૮ કેન્દ્રો પર યોજવામાં આવી હતી. જેમાં શહેરમાંથી ૭૬૦૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આજની આ પરીક્ષાઓ માટે તમામ કેન્દ્રોમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે સ્વચ્છતા, સૅનેટાઈઝેશન તેમજ સોશિયલ ડિસ્ટન્સીન્ગની તમામ તકેદારી રાખવામાં આવી હતી. કુલ ૭૬૦૦ વિદ્યાર્થીઓ પૈકી કોરોનામાં હોમ ક્વોરન્ટીન થયેલા શહેરના એક વિદ્યાર્થીએ રવિવારે બપોરે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ફોન કરીને પરીક્ષા આપવા માટે મંજૂરી માંગી હતી. વિદ્યાર્થીના ફોન બાદ બોર્ડમાંથી ડી.ઈ.ઓ કચેરીને ફોન આવ્યો હતો. જ્યારબાદ તેના તબીબી પ્રિસ્ક્રીપ્શનની ચકાસણી બાદ તેને પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવી હતી. આ વિદ્યાર્થી માટે તાંદલજા વિસ્તારની બેસિલ સ્કૂલમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. કોરોનાનો ચેપ અન્ય વિદ્યાર્થીઓને ન લાગે તે માટે સ્કૂલમાં કોરોનાગ્રસ્ત વિદ્યાર્થી માટે અલગ જ એક રૂમ ફાળવવામાં આવ્યો હતો અને પરીક્ષા પૂર્ણ થયા બાદ રૂમને સેનેટાઈઝ કરવામાં આવ્યો હતો અને સ્કૂલ દ્વારા કોરોનાગ્રસ્ત વિદ્યાર્થી કોઈના સંપર્કમાં ન આવે તેની ખાસ કાળજી લેવામાં આવી હતી. આ જ રીતે કેન્સર પીડિત એક વિદ્યાર્થિની માટે અલગ બેઠક વ્યવસ્થા કરવા માટે તેની સારવાર કરતા તબીબે લેટર આપ્યો હતો. જેમાં ડોક્ટરે જણાવ્યું હતું કે, કેન્સર પીડિત વિદ્યાર્થિનીની બધાની વચ્ચે રાખવી જોખમકારક હોવાથી અલગ રૂમની વ્યવસ્થા કરવી. જેથી તેના માટે સમા વિસ્તારની નવરચના વિદ્યાલયમાં અલગ રૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે થર્મલ ગનમાં જે વિદ્યાર્થીઓનું ટેમ્પરેચર વધારે આવે, અથવા તો કોવિડના શંકાસ્પદ લક્ષણો જણાય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે અલગ રૂમની વ્યવસ્થા કરવાનું આયોજન હતું. જોકે, સદ્‌નસીબે શહેરમાંથી આ બે વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઈ વિદ્યાર્થી માટે અલગ રૂમની વ્યવસ્થા કરવાની જરૂર પડી ન હતી.

### ગોરવા વિસ્તારમાં આવેલ જીવાભાઈ પાર્કમાં મધરાતે ખૂની ખેલ ખેલાયો

# યુવાન પ્રેમિકા સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહેતા અક્ષયપાત્રના આધેડ કર્મચારીની હત્યા

### લગ્નમાં અડચણરૂપ બનતાં ખુદ પ્રેમિકાએ તેના નવા પ્રેમીની મદદથી હત્યા કરી





વડોદરા, તા.૨૪

મુળ રાજસ્થાનના ઉદેપુરના વતની ૫૩ વર્ષીય રામલાલ બેચરભાઈ પટેલ બારેક વર્ષથી વડોદરામાં ગોરવા વિસ્તારમાં આવેલા જીવાભાઈ ફ્લેટના ત્રીજા માળે પોતાના ફ્લેટમાં રહેતા હતા ગોત્રી રોડ પર હરિનગર ખાતે આવેલા અક્ષયપાત્ર ફાઉન્ડેશનમાં લોજીસ્ટીક એક્ઝિક્યુટીવ તરીકે ફરજ બજાવતા હતા. ગઈ કાલે સાંજે અક્ષયપાત્ર ફાઉન્ડેશનના અધિકારી ચિરાગભાઈ વંડરાને મોબાઈલ પર રામલાલના પુત્ર શૈલેષે જણાવ્યું હતું કે કે 'મારા પિતાજી શનિવારે ઘરે આવવાના હતા પરંતુ તે ઘરે આવ્યા નથી અને તેમનો ફોન પણ સ્વીચ ઓફ છે માટે તમે મારા પિતાના ફ્લેટ પર જઈને તપાસ કરો કે શું થયું છે'. ચિરાગભાઈએ અન્ય કર્મચારી મારફત રામલાલના ફ્લેટ પર તપાસ કરાવી હતી. જેમાં રામલાલની બાઈક ફ્લેટના નીચે હતી પરંતું ફ્લેટના દરવાજાને બહારથી તાળું મારેલું હોય તેમણે શૈલેષને આ વિગતો જણાવી હતી. જોકે રામલાલ સાથે કંઈક અજુગતુ થયું હોવાની પુત્ર શૈલેષને શંકા જતા તેણે મકાનના દરવાજાના તાળાં તોડીને તપાસ કરો તેમ જણાવ્યું હતું જેથી ચિરાગભાઈએ ગત સાંજે સોસાયટીના પ્રમુખની મંજુરી લઈ રામલાલના ફ્લેટના દરવાજા અને જાળીને મારેલા તાળા તોડી અંદર તપાસ કરી હતી.

મકાનમાં તપાસ કરતા એવી ચોંકાવનારી જાણ થઈ હતી કે બેડરૂમમાં રામલાલની ઉંધી હાલતમાં લાશ પડી હતી અને તેમના મોંઢા પર ઓશિકા મુકેલા હતા. તેમના માથાના ભાગે કોઈ વજનદાર બોથડ પદાર્થ મારીને હત્યા કરાઈ હતી પલંગ અને હાથ લોહીથી ખરડાયા હતા. આ બનાવની ગોરવા પોલીસ મથકમાં ચિરાગભાઈએ અજાણ્યા હત્યારાઓ વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને માહિતી મળી હતી કે આધેડ વયના રામલાલને એક યુવતી સાથે લગ્નેત્તર સંબંધ હતા અને તે તેમની સાથે જ ફ્લેટમાં લિવ ઈન રિલેશનશીપમાં રહેતી હતી તે મધરાત્રે મકાનને તાળા મારીને રવાના થઈ છે. ગોરવા પોલીસે યુવતીની શોધખોળ શરૂ કરી ૨૨ વર્ષીય કિંજલ કમલેશભાઈ પટેલ (જીવાભાઈ ફ્લેટ, ગોરવા) અને તેના પ્રેમી ૨૪ વર્ષીય કૃણાલ મનીષભાઈ દુલેરા (મોટીવોરવાડ વાગની ડેલી સામે, કપડવંજ)ને આણંદની હોટલમાં ઝડપી પાડ્યા હતા. આ બંનેની એસીપી બકુલ ચૌધરીએ પુછપરછ કરતાં કિંજલે જણાવ્યું હતું કે મારી માતાના અવસાન બાદ હું જીવાભાઈ ફ્લેટમાં રહેતા મામાના ઘરે રહેતી હતી. રામલાલ પણ અમારી સામે જ રહેતા હોઈ હું વર્ષોથી તેમના ઘરે અવરજવર કરતી હતી અને હું પુખ્ત બનતા મારા તેમની સાથે પ્રેમસંબંધ બંધાતા હું રામલાલ સાથે તેમના ફ્લેટમાં લિવ ઈન રિલેશીનશીપમાં રહેતી હતી. મને થોડાક સમય અગાઉ કૃણાલ સાથે સાથે પ્રેમસંબંધ બંધાયા હતા પરંતું રામલાલ અમારા પ્રેમસંબંધનો વિરોધ કરતા હતા.

રામલાલ અમારુ લગ્ન થવા નહી દે તેવી જાણ થતા અમે તેમની હત્યા કરવાનું નક્કી કર્યું હતું અને શનિવારની રાત્રે મે કૃણાલને ફ્લેટમાં બોલાવ્યા હતો અને અમે નિંદ્રાધીન રામલાલના મોંઢા પર ઓશીકુ દબાવી તેમજ માથામાં વાંસલો (હથોડા જેવા હથિયાર)ના ફટકા મારી તેમની નિંદ્રાધીન અવસ્થામાં હત્યા કરી હતી અને તુરંત ફ્લેટને તાળા મારીને કૃણાલની બાઈક પર કપડવંજ ગયા હતા. ત્યાં બાઈક મુકી અમે કૃણાલની મિત્રની કારમાં આણંદની હોટલમાં ગયા હતા જયાંથી પોલીસે અમને ઝડપી પાડ્યા છે.

#### કિંજલ મોજશોખ પૂરા કરવા રામલાલનો ઉપયોગ કરતી હતી

૨૨ વર્ષીય કિંજલ મામા સાથે રહેતી હતી પરંતું મામાની આર્થિક સ્થિતિ એટલી ખરાબ છે કે તે વેરા નહી ભરી શકતા લાઈટ અને પાણીનું કનેકશન પણ કપાઈ ગયું છે. બીજીતરફ કિંજલ રામલાલના પૈસા મોજશોખ કરતી હોઈ તેના મામાએ તેને સુધરી જવા ઠપકો આપ્યો હતો. આ ઠપકા બાદ નફફટ કિંજલ મામાની નજર સામે જ રામલાલના ફ્લેટમાં રહેવા જતી રહી હતી. તેને કૃણાલ સાથે પણ પ્રેમસંબંધ હતા પરંતું તે રામલાલનો માત્ર મોજશોખ પુરા કરવા ઉપયોગ કરતી હતી.

#### પોત્રી જન્મદિવસે રામલાલની રાહ જોતી હતી

રામલાલ પરિણીત છે અને તેના પુત્ર શૈલેષને પણ એક પુત્રી છે. ગત શનિવારે તે પૌત્રીના જન્મદિવસે ઘરે જવાના હતા પરંતુ તે ઘરે નહી આવતા કે પૌત્રીને ફોન પર પણ શુભેચ્છા નહી આપતા પૌત્રી આતુરતાથી દાદાની રાહ જોઈ હતી. જોકે વ્હાલી પૌત્રીને મળવા માટે પિતા નહી આવતા પુત્ર શૈલેષને કંઈક થયુ હોવાની શંકા ગઈ હતી અને એટલે જ તેણે પિતાના ફ્લેટના તાળા તોડી અંદર તપાસ કરવા જણાવ્યું હતું અને તેની શંકા સાચી પુરવાર થઈ હતી.

#### હત્યામાં વપરાયેલો વાંસલો ભરવેલના તળાવમાંથી મળ્યો

૧૦મુ પાસ કિંજલ અને ખાનગી ગાડીઓનું ડ્રાઈવીંગ કરતા કૃણાલે એટલી ક્રુરતાપુર્વક હત્યા કરી હતી કે રામલાલની ખોપડી પણ ફાટી ગઈ હતી. હત્યા બાદ કિંજલ અને કૃણાલ તુરંત બાઈક પર કપડવંજ ગયા હતા અને રસ્તામાં આવેલા ભરવેલ ગામના તળાવમાં તેઓએ લોહીથી ખરડાયેલું હથિયાર વાંસલો તળાવમાં ફેંકી દીધુ હતું. પોલીસે બંનેની પુછપરછ કરી આજે તળાવમાંથી ઉક્ત હથિયાર શોધી કાઢ્યું હતું.

### એક જ દિવસમાં સર્વાધિક ૧૧૮ પોઝિટિવ કેસ નોંધાયા

# કોરોનાથી સેન્ટ્રલ જેલના કેદી અને ભાજપાના કાર્યકર સહિત ૧૫નાં મોત

### ૧૫૭ દર્દીઓ ઓક્સિજન પર, ૬૦ વેન્ટિલેટર પર, ૫૫ દર્દીઓને રજા અપાઈ

વડોદરા, તા.૨૪

વડોદરા શહેર-જિલ્લામાં મક્કમ ગતિએ ઝડપથી વધી રહેલા કોરોના સંક્રમણમાં આવેલા અને હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા ભાજપાના સંનિષ્ઠ કાર્યકર અને સેન્ટ્રલ જેલના કેદી સહિત ૧૫નાં મોત નીપજ્યાં હતાં. જ્યાં આજે વધુ નવા ૧૧૮ કોરોનાના પોઝિટિવ કેસો નોંધાતાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૭૨૨૧ થઈ હતી. ડેથ ઓડિટ કમિટીએ પણ આજે વધુ એક દર્દીનું કોરોનામાં મોત થયાનું સમર્થન આપતાં કોરોનામાં દર્દીઓનો મૃત્યુઆંક વધીને ૧૩૧ થયો હતો. બીજી તરફ શહેરની વિવિધ હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા ૧૪૪૬ દર્દીઓ પૈકી ૧૨૨૯ દર્દીઓની હાલત સુધારા પર હોવાનું અને ૧૫૭ ઓક્સિજન પર તેમજ ૬૦ વેન્ટિલેટર પર હોવાનું તબીબીસૂત્રોએ જણાવ્યું હતું.

આજ સાંજ સુધીમાં શહેરના અલગ અલગ વિસ્તારો જેવા કે સુભાનપુરા, ગોરવા, ફતેપુરા, માંજલપુર, વાઘોડિયા રોડ, વાસણા, મકરપુરા, નવાપુરા, છાણી, કારેલીબાગ, સોમા તળાવ, ન્યુ સમા રોડ, નિઝામપુરા, વડસર, માણેજા, સમતા વગેરે સહિત ૨૩ વિસ્તારો અને ગ્રામ્યના કરજણ, સાવલી, ડભોઈ, ઈટોલા, સમિયાલા, ભાયલી, પાદરા અને અન્ય એક પાટણ મળી કુલ ૨૨૯૮ નવા સેમ્પલો આરોગ્ય વિભાગની ટીમો દ્વારા લેવામાં આવ્યા હતા, જે પૈકી ૧૧૮ પોઝિટિવ અને ૨૧૮૦ નેગેટિવ રિપોર્ટ આવ્યા હતા.

આજે પોઝિટિવ આવેલા કોરોનાના કેસોમાં વડોદરા ગ્રામ્યમાંથી ૩૨, દક્ષિણ ઝોનમાંથી ૨૫, પૂર્વ ઝોનમાંથી ૨૫, પશ્ચિમ ઝોનમાંથી ૨૨ અને ઉત્તર ઝોનમાંથી સૌથી ઓછા ૧૩ દર્દીઓ નોંધાયા હતા. આજે વધુ ૫૫ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે ડિસ્ચાર્જ આપવામાં આવેલા દર્દીઓની સંખ્યા વધીને ૫૬૪૪ થઈ હતી. જેમાં ૨૬ દર્દીઓને સરકારી હોસ્પિટલમાંથી, ૧૭ દર્દીઓને ખાનગી હોસ્પિટલમાંથી અને ૧૨ દર્દીઓને હોમ ક્વોરન્ટાઈનમાંથી મુકત કરાયા હતા.

શહેરમાં અલગ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની સારવાર લઈ રહેલા ભાજપાના સંનિષ્ઠ કાર્યકર્તા અને વાઘોડિયાના ધારાસભ્યના નિકવર્તી કાર્યકર કોરોના સંક્રમિત બન્યા હતા. જેથી તેઓ કોરોના પોઝિટિવ સાથે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા, જ્યાં તેમની તબિયત વધુ લથડતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. વડોદરા સેન્ટ્રલ જેલમાં ગંભીર ગુનાની સજા ભોગવી રહેલા ૬૬ વર્ષીય કેદી જેલમાં કોરોના સંક્રમિત બન્યા હતા, તેઓને પોલીસના જાપ્તા સાથે જેલના સત્તાવાળાઓએ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબીએ કેદી દર્દીને એમએનએચ આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયા હતા, જ્યાં તેમનું આજે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

#### ભાજપા કાર્યકરને કોરોના ભરખી ગયો : ખાનગી હોસ્પિટલમાં ૨૦ દિવસથી સારવાર હેઠળ હતા

વાઘોડિયાના ભાજપાના ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવના અંગત અને ભાજપાના સંનિષ્ઠ કાર્યકર્તા વિજયસિંહ પરમાર કોરોનાના લક્ષણો સાથે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. તેમનો કોરોનાનો રિપોર્ટ કરાવતાં જે પોઝિટિવ આવતાં તેમની સઘન સારવાર તબીબો દ્વારા ચાલી રહી હતી. છેલ્લા ૨૦ દિવસથી ચાલી રહેલી કોરોનાની સારવાર દરમિયાન ગઈકાલથી તેમની તબિયત એકાએક લથડી હતી અને આઈસીયુમાં વેન્ટિલેટર પર રાખવામાં આવતાં જ્યાં સારવાર દરમિયાન ભાજપાના કાર્યકરનું મોત થયું હતું. જેથી ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે પોતાનો અંગત મિત્ર ગુમાવ્યો હતો.

**રજીસ્ટ્રારશ્રીના નોમીની, બોર્ડ ઓફ નોમીનીઝ, અમદાવાદ વિભાગ, અમદાવાદ.**
**ઠે. બહુમાળી મકાન, 'સી' બ્લોક, ત્રીજા માળે, લાલ દરવાજા, અમદાવાદ.**

કોર્ટ નં. ૩ — સમરી લવાદ કેસ નં. ૨૪૧/૨૦૨૦

વાદી : ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક લીમીટિડ
ઠે. ''સરદાર વલ્લભભાઈ પટેલ સહકાર ભવન'', શાસ્ત્રીનગર
બી.આર.ટી.એસ. સ્ટેન્ડ પાસે, અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ.

વિરુધ્ધ

પ્રતિવાદી : (૪) આશુતોષ અવસ્થી (પૂર્વ મેનેજીંગ ડીરેક્ટર)
વડોદરા ડીસ્ટ્રીકટ કો.ઓ.સુગરકેન ગ્રોઅર્સ યુનીયન લી.
ઠે. મુ.પો. ગંધારા, તા. કરજણ, જી. વડોદરા-૩૯૧૨૧૦

**જાહેર સમન્સ**

રૂા. ૫,૨૩,૯૬૦૨૭/-

ઉપરોક્ત વાદીએ આ કોર્ટમાં સમરી પ્રોસીજર હેઠળ સહકારી કાયદાની કલમ ૯૯(૪) અન્વયે દાવો દાખલ કરતા ઉપરોક્ત પ્રતિવાદીઓને રૂબરૂમાં સમન્સ બજાવવાની કોશીશ કરવા છંતા સમન્સ બજતા નથી.

આથી આ જાહેર સમન્સથી તમોને જણાવવામાં આવે છે કે, સદરહુ દાવાનો જાહેર સમન્સ વર્તમાનપત્ર / દૈનિક સમાચાર પત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી દસ દિવસની અંદર તમો જો બચાવ કરવા માંગતા હોય તો સોગંદ ઉપર બચાવ અરજી તથા બચાવ અરજીના સમર્થનમાં જે દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખતા હોય તેની નકલ વાદીને આપી ઉપરોક્ત સરનામે હાજર થઈ અને બચાવ કરવાની પરવાનગી મેળવવી જો તમો તેમ કરવામાં કસુર કરશો તો દિવસ-૧૦ની મુદત વીત્યા બાદ કોઈ પણ સમયે વાદી લેખિત રકમનો તથા વ્યાજ અને ખર્ચ સહિતનો એવોર્ડ મેળવવા હક્કદાર થશે તેની નોંધ લેવી.

ઉપરોક્ત સમરી દાવા કામને લગતા ડોક્યુમેન્ટ વાદીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

આજરોજ મારી સહી કરી કોર્ટનું સીલ મારી આપેલ છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૭-૦૭-૨૦૨૦
તૈયાર કરનાર : (શ્રી એ. આર. દેસાઈ)
મુકાબલ કરનાર : (શ્રી આર. એમ. ચૌધરી)

કોર્ટનું સીલ

(એચ. પી. ભટ્ટ)
સંયુક્ત રજીસ્ટ્રાર અને સભ્ય
બોર્ડ ઓફ નોમીનીઝ,
અમદાવાદ વિભાગ,
અમદાવાદ.

### બર્થ-ડેમાં મોંઢા પર કેક લગાવવાના મુદ્દે

# ઝઘડો કરતાં ઝડપાયેલા માથાભારે યુવક અને સાગરિતોનો પોલીસ પર હુમલો

વડોદરા, તા.૨૪

માંજલપુર વિસ્તારમાં બર્થડે દરમિયાન મોંઢા પર કેક લગાવવાના મુદ્દે ઝઘડો થતા તેઓની વચ્ચે મારામારી થઈ હતી. આ દરમિયાન ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે મારમારી કરતા યુવકને ઝડપી પાડી તેને પોલીસ મથકમાં લાવતા યુવકે પોલીસ પર હુમલો કરી લોકઅપમાં માથા પછાડ્યા હતા તેમજ તેને છોડાવવા માટે આવેલી મહિલા સહિતના સાગરીતોએ પોલીસને ધમકી આપી હતી.

મકરપુરા જીઆઈડીસી કોલોની પાસે શીવનગરમાં રહેતા વહીદખાન પઠાણના મિત્ર શાહરૂખના બર્થડેમાં મોંઢા પર કેક લગાવવાના મુદ્દે વાહીદ અને હાર્દિક કમલેશ રાજપુત વચ્ચે ઝઘડો થતાં તઓની વચ્ચે મારામારી થઈ હતી જેના સમાધાન માટે ગઈ કાલે વાહીદના ઘરે આવેલા નરેન્દ્રસિંહ અને રોનક ઉર્ફે લાલો દિપકભાઈ ગાંધી (પાર્થભુમિ સોસાયટી, મકરપુરા)એ ફરી ઝઘડો કરતા આ બનાવની પોલીસને જાણ કરાઈ હતી. ઘટનાસ્થળે આવેલી માંજલપુર પોલીસે રોનકને ઝડપી પાડતા રોનકના મિત્ર રજનીકાન્ત રાવજીભાઈ પઢિયાર (મારુતીધામ,માંજલપુર) પોલીસને જોઈ લેવાની ધમકી આપી ફરાર થયો હતો. પોલીસ મથકમાં લાવેલા રોનકે લોકઅપમાં જવાનો ઈન્કાર કરી પોલીસ સાથે ઝપાઝપી કરી પોલીસને સસ્પેન્ડ કરાવી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ રોનકનો સાગરીત રજનીકાંત પઢિયારે પોલીસ મથકમાં આવી તમે મારા મિત્રને કેમ લોકઅપમાં મુક્યો છે તેમ કહી પોલીસ જવાનો સાથે ઝપાઝપી કરી યુનિફોર્મ પર લગાવેલી નેમપ્લેટ તોડી નાખી હતી. તેને પણ રોનક સાથે લોકઅપમાં મુકતા બંનેએ લોકઅપના સળિયામાં માથા પછાડ્યા હતા અને એસએસજીમાં જઈને ફરિયાદ કરી સસ્પેન્ડ કરાવવાની ધમકી આપી હતી. ત્યારબાદ પોલીસ મથકમાં ચાકુ લઈને આવેલા રાજેશ રાવજી પઢિયાર તેમજ મીત્તલબેન અલ્પેશભાઈ કાછિયા અને નરસિંહ ભીખાભાઈ પરમારે પણ પોલીસ મથકે આવીને હોબાળો મચાવીને પોલીસને સસ્પેન્ડ કરાવી દેવાની જોરજોરથી ધમકી આપતા પોલીસે ઉક્ત પાંચેય સામે ગુનો નોંધી તમામની અટકાયત કરી હતી.

**નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ**
(CIN No: L45201GJ1990PLC013417)
**રજીસ્ટર્ડ ઓફિસ:** પહેલો માળ, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલો સામે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
**ફોન:** +૯૧ ૭૯ ૪૦૦૩ ૬૮૧૭/ ૧૮ **ફેક્સ:** +૯૧ ૭૯૨૬૮૭૩૯૨૨
**E-mail:** secretarial@nilainfra.com **Website:** www.nilainfra.com

**૩૦મી વાર્ષિક સાધારણ સભાની સભ્યોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડના સભ્યોની ૩૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડીઓ વિડિઓ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ હાથ ધરાશે.

કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના, પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ ('પરિપત્રો') દ્વારા એજીએમ કોઈ પણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર વીસી/ ઓએવીએમ દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર્સ રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની એજીએમ વીસી/ ઓએવીએમ દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં, એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્સ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી રહ્યા છે. સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ કંપનીની વેબસાઈટ-*www.nilainfra.com* તથા સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડની વેબસાઈટ www.bseindia.com તથા www.nseindia.com પર ઉપલબ્ધ છે તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા એનએસડીએલની વેબસાઈટ: www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. સભ્યો એજીએમમાં ફક્ત વીસી/ઓએવીએમ દ્વારા હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે. એજીએમમાં જોડાવવાની વિગતો /સુચનો એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, વીસી/ ઓએવીએમ દ્વારા જોડાયેલ સભ્યોને, હાજર રહેલ સભ્યોની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.

કંપની દ્વારા તમામ સભ્યોને એજીએમની નોટિસમાં વર્ણવવામાં આવેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે.

જે સભ્યો એ પોતાના ઈ-મેઈલ આઈડી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે:

- જે સભ્યો ફિઝિકલ માધ્યમથી શેર ધારણ કરી રહ્યા છે: ફોલિયો નંબર, ડીપી, ક્લાઈન્ટ આઈડી, સર્ટિફીકેટ નં., પેન નં. મોબાઈલ નં. ઈ-મેઈલ આઈડી સાથે સ્વ પ્રમાણિત પેન, આધાર, પાસપોર્ટ, શેર સર્ટિફીકેટ વગેરેની કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મોકલવી.
- જે સભ્યો ડિમેટ માધ્યમ થી શેર ધારણ કરી રહ્યા છે તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilainfra.com પર મેલ કરીને પોતાનું ઈ-મેઈલ નોંધાવી શકે છે. ૩૦મી એજીએમની નોટિસ કટ-ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાયેલ ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવશે.

બોર્ડના આદેશથી
**નીલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ લિમીટેડ,** વતી
દીપેન પરીખ-કંપની સેક્રેટરી

તારીખ : ઓગસ્ટ ૨૪, ૨૦૨૦
સ્થળ : અમદાવાદ

**નીલા સ્પેસીસ લિમીટેડ**
(CIN : L45100GJ2000PLC083204)
**રજીસ્ટર્ડ ઓફિસ:** પહેલો માળ, સમભાવ હાઉસ, ચીફ જસ્ટિસ બંગલો સામે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
**ફોન:** +૯૧ ૭૯ ૪૦૦૩ ૬૮૧૭/ ૧૮ **ફેક્સ:** +૯૧ ૭૯૨૬૮૭૩૯૨૨
**E-mail:** secretarial@nilaspaces.com **Website:** www.nilaspaces.com

**૨૦મી વાર્ષિક સાધારણ સભાની સભ્યોને નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે, નીલા સ્પેસીસ લિમીટેડના સભ્યોની ૨૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બપોરે ૦૪.૦૦ કલાકે વિડિઓ કોન્ફરન્સ (વીસી) / અન્ય ઓડીઓ વિડિઓ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જેમાં એજીએમ નોટિસમાં દર્શાવવામાં આવ્યા મુજબના કામકાજ હાથ ધરાશે.

કોવીડ-૧૯ મહામારીના અંતર્ગત, ભારત સરકારે, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના, પરિપત્ર નં.૧૪/૨૦૨૦ તા.૮મી એપ્રિલ, ૨૦૨૦, પરિપત્ર નં ૧૭/૨૦૨૦ તા.૧૩મી એપ્રિલ, ૨૦૨૦ અને પરિપત્ર નં ૨૦/૨૦૨૦ તા. ૫મી મે, ૨૦૨૦ તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 તા. ૧૨મી મે, ૨૦૨૦ ('પરિપત્રો') દ્વારા એજીએમ કોઈ પણ વ્યક્તિની પ્રત્યક્ષ હાજરી વિના માત્ર વીસી/ ઓએવીએમ દ્વારા યોજવાની પરવાનગી આપેલ છે. આ પરિપત્રોના અંતર્ગત અને કંપની ધારા, ૨૦૧૩ અંતર્ગત ઘડાયેલા નિયમો અન્વયે તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર્સ રિક્વાયરમેન્ટ્સ) નિયમો, ૨૦૧૫ના પાલનમાં, કંપનીના સભ્યોની એજીએમ વીસી/ ઓએવીએમ દ્વારા યોજાશે.

ઉપરોક્ત પરિપત્રોના અનુસંધાનમાં, એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ જે સભ્યોના ઈ-મેઈલ આઈડી કંપની / ડિપોઝિટરી પાર્ટિસિપન્સ સમક્ષ નોંધાયેલ છે, તેમને ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવામાં આવી રહ્યા છે. સભ્યોએ નોંધ લેવી કે એજીએમની નોટિસ તથા વાર્ષિક અહેવાલ ૨૦૧૯-૨૦ કંપનીની વેબસાઈટ-*www.nilaspaces.com* તથા સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમીટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમીટેડની વેબસાઈટ www.bseindia.com તથા www.nseindia.com પર ઉપલબ્ધ છે તથા ઈ-વોટિંગની સુવિધા પુરી પાડનાર સંસ્થા એનએસડીએલની વેબસાઈટ: www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે. સભ્યો એજીએમમાં ફક્ત વીસી/ઓએવીએમ દ્વારા હાજર રહી શકે છે અને ભાગ લઈ શકે છે. એજીએમમાં જોડાવવાની વિગતો /સુચનો એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે. કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૩ અન્વયે, વીસી/ ઓએવીએમ દ્વારા જોડાયેલ સભ્યોને, હાજર રહેલ સભ્યોની ગણતરી કરવા માટે માન્ય ગણાશે.

કંપની દ્વારા તમામ સભ્યોને એજીએમની નોટિસમાં વર્ણવવામાં આવેલ ઠરાવો પર ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની સુવિધા આપવામાં આવેલ છે. ઈલેક્ટ્રોનિકલી મત આપવા માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમની નોટિસમાં આપવામાં આવેલ છે.

જે સભ્યો એ પોતાના ઈ-મેઈલ આઈડી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે નોંધાવેલ નથી, તેઓએ વાર્ષિક અહેવાલ મેળવવા માટે તથા ઈલેક્ટ્રોનિક વોટિંગ માટેની લોગ-ઈન વિગતો માટે નીચે દર્શાવેલ સુચનોનું પાલન કરવાનું રહેશે:

- જે સભ્યો ફિઝિકલ માધ્યમથી શેર ધારણ કરી રહ્યા છે: ફોલિયો નંબર, ડીપી, ક્લાઈન્ટ આઈડી, સર્ટિફીકેટ નં., પેન નં. મોબાઈલ નં. ઈ-મેઈલ આઈડી સાથે સ્વ પ્રમાણિત પેન, આધાર, પાસપોર્ટ, શેર સર્ટિફીકેટ વગેરેની કોપી કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilaspaces.com પર મોકલવી.
- જે સભ્યો ડિમેટ માધ્યમ થી શેર ધારણ કરી રહ્યા છે તેઓ પોતાના ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ પાસે અથવા કંપનીના ઈ-મેઈલ આઈડી: secretarial@nilaspaces.com પર મેલ કરીને પોતાનું ઈ-મેઈલ નોંધાવી શકે છે. ૨૦મી એજીએમની નોટિસ કટ-ઓફ તારીખના રોજ શેર ધરાવતા જે-તે સભ્યોના નોંધાયેલ ઈ-મેલ આઈડી પર મોકલવામાં આવશે.

બોર્ડના આદેશથી
**નીલા સ્પેસીસ લિમીટેડ,** વતી
ગોપી દવે-કંપની સેક્રેટરી

તારીખ : ઓગસ્ટ ૨૪, ૨૦૨૦
સ્થળ : અમદાવાદ